**માન.ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલ (વલસાડ)**

## અગ્રતા ક્રમ–૧૧

**પ્રશ્ન–૧ : રાજ્યમાં  ફળ પકવવા માટે રાયપનીંગ ચેમ્બર ઉભા કરવા બાગાયત ખાતા તરફથી કેટલી સહાય પૂરી પાડવામાં આવે છે ?**

**જવાબ:**

**માન.અદ્યક્ષશ્રી**

ફળ પાકો જેવા કે કેરી, કેળા, પપૈયા વિગેરેને ઝાડ ઉપરથી ઉતાર્યા બાદ, ઉપયોગ કરતાં પહેલા પકવવા પડતા હોય છે. આવા ફળ પાકોને વૈજ્ઞાનિક પદ્યતિથી પકવવામાં આવે તે માટે રાયપનીંગ ચેમ્બરો ઉભી કરવા સરકારશ્રીના બાગાયત ખાતા ધ્ધારા આપવામાં આવતી સહાયના ધોરણની વાત કરૂં તો...

રાયપનીંગ એકમ ઉભા કરવા માટે લાભર્થી દીઠ મહત્તમ ૩૦૦ મે.ટન સુધી મહત્તમ રૂ.૩૦૦ લાખ પ્રતિ એકમ ખર્ચને દ્યાને રાખી નીચે મુજબના ધોરણે સહાય ચુકવવામાં આવે છે.

- જેમા સામાન્ય વિસ્તારમાં લાભાર્થીને એકમ ખર્ચના ૫૦ ટકા લેખે મહત્તમ રૂ.૧૫૦.૦૦ લાખ સુધી સહાય

- આદિજાતિ વિસ્તારમાં લાભાર્થીને એકમ ખર્ચના ૬૫ ટકા લેખે મહત્તમ રૂ. ૧૯૫.૦૦ લાખ સુધી સહાય
- સામાન્ય વિસ્તારમાં એપીએમસી, સહકારી ખેડૂત સંસ્થા, જાહેર સાહસો, નગરપાલિકા કે રજીસ્ટર્ડ ખેડૂત ઉત્પાદક સંગઠનને ૬૦ ટકા લેખે મહત્તમ રૂ.૧૮૦.૦૦ લાખ સુધી સહાય
- આદિજાતિ વિસ્તારમાં એપીએમસી, સહકારી ખેડૂત સંસ્થા, જાહેર સાહસો, નગરપાલિકા કે રજીસ્ટર્ડ ખેડૂત ઉત્પાદક સંગઠનને ૭૫ ટકા લેખે મહત્તમ રૂ.૨૨૫.૦૦ લાખ સુધી સહાય

**માન.ધારાસભ્યશ્રી અરવિંદભાઇ પટેલ (ધરમપુર)**

**અગ્રતા ક્રમ–૧૧**

**પ્રશ્ન–૨: વલસાડ જિલ્લામાં તારીખ: ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં રાયપનીંગ ચેમ્બર ઊભી કરવા કેટલા એકમોને કેટલી સહાય પૂરી પાડવામાં આવી અને તેની કેટલીક ક્ષમતા ઉભી થઈ ?**

**જવાબ:**

વલસાડ જિલ્લામાં તારીખ: ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં રાયપનીંગ ચેમ્બર ઊભી કરવા નીચે મુજબના એક એકમને રૂ. ૪૭,૦૯,૯૦૦/– (રૂપિયા સુળતાલીસ લાખ નવ હજાર નવસો પુરા) ની સહાય પુરી પાડવામાં આવી તેનાથી કુલ ૭૨.૪૬ મે.ટન ક્ષમતા ઉભી થઈ.

| **રાયપનીંગ એકમનું નામ અને સરનામું** | **ક્ષમતા (મે.ટન)** | **કેન્દ્રની પુરકૃત યોજના (MIDH – NHM) માં ચુકવેલ સહાય (રૂપિયામાં)** | **રાજયની (રાજ્ય પ્લાન યોજના હેઠળ) ચુકવેલ સહાય (રૂપિયામાં)** | **કુલ ચુકવેલ સહાય (રૂપિયામાં)** |
|---|---|---|---|---|
| મે. સિદ્દાર્થ એગ્રો ઈન્ડસ્ટ્રીઝ, સર્વે નં. ૫૪૨/૩, ગામ:પારનેરા, તાલુકો: વલસાડ | ૭૨.૪૬ | રૂ.૩૬,૨૩,૦૦૦/– | રૂ.૧૦,૮૬,૯૦૦/– | રૂ. ૪૭,૦૯,૯૦૦/– |

## અગ્રતા ક્રમ–૧૧

## પ્રશ્ન-૩: ફળ પકવવાના રાયપનીંગ ચેમ્બર એટલે શું છે ? તેનો શું ઉપયોગ છે ? અને તેના ફાયદા શું છે?

**જવાબ:**

ફળ પાકો જેવા કે કેરી, કેળા, પપૈયા, વગેરેને ઝાડ ઉપરથી ઉતાર્યા બાદ, ઉપયોગ કરતા પહેલા કુત્રિમ રીતે પકવવા પડતા હોય છે. આવા ફળોને વૈજ્ઞાનિક પધ્ધિતથી પકવવા માટે ઉભા કરવામાં આવતા એકમને રાયપનીંગ ચેમ્બર કહેવામાં આવે છે.

**ઉપયોગ:–**

- બાગાયતી પેદાશોના સારા ભાવ મળી રહે અને ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને સ્વાસ્થ્યને હાનિકારક કેલ્શિયમ કાર્બાઈડ જેવા તત્વોથી બચાવી શકાય તે હેતુસર ફળોને પકવવામાં રાયપનીંગ ચેમ્બરનો ઉપયોગ કરવામાં આવે છે.

**ફાયદાઓ:–**

(૧) રાયપનીંગ ચેમ્બરમાં પકવેલા ફળો એક સરખા અને વહેલા સમયસર પકવી શકતા હોવાથી બજારમાં વધારે ભાવ હોય ત્યારે વેચાણ કરી ખેડુતો આર્થિક વળતર વધારે મેળવી શકે છે.

(૨) અગાઉ કેરી અને કેળા જેવા ફળોને પરંપરાગત રીતે પકવવા માટે ૬–૮ થી દિવસ લાગતા હતા. પરંતુ રાયપનીંગ એકમના ઉપયોગને લીધે વહેલા પાકી જાય છે. જેથી ફળ પાકવાના સમયમાં ઘટાડો થવાથી ફાયદો થાય છે.

(૩) આ એકમ ફળોને પકવવા માટે ઉપયોગમાં લેવામાં આવતા નુકસાનકારક રસાયણો કરતા સલામત છે. જેથી ગ્રાહકોને સ્વાસ્થ્યનું જોખમ નિવારી શકાય છે.

(૪) ફળ એક સરખા અને વહેલા પાકે છે અને પાક્યા બાદ વજનમાં ઘટાડો થતો નથી તથા રંગ અને સ્વાદ સારા રહે છે.